# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **અમદાવાદની વિમાન દુર્ઘટનામાં ચાલક દળનાં 12 સભ્યો સહિત કુલ 241 પ્રવાસીઓનાં મૃત્યુઃ એક માત્ર બ્રિટિશ નાગરિકનો બચાવ.**
2. **દુર્ઘટનામાં રાજ્યનાં ભૂતપુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન.**
3. **દુર્ઘટના સ્થળે રાહત અને બચાવ કાર્ય પૂર્ણઃ મૃતકોનાં અને તેમનાં સગાઓનાં D.N.A. સેમ્પલની ચકાસણી કરવામાં આવશે.**
4. **વિમાન દુર્ઘટનામાં આણંદ જિલ્લાનાં 33 , દિવ જિલ્લાનાં 14 , અમરેલીનાં છ અને જામનગરનાં ત્રણ પ્રવાસીનાં મોત.**
5. **વિમાન દુર્ઘટના તપાસ બ્યૂરોએ એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસ શરૂ કરી.**

--------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PLANE CRASH MAIN STORY

અમદાવાદમાં મેઘાણીનગર વિસ્તારમાં ગઈ કાલે સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં કુલ 241 પ્રવાસીઓનાં મૃત્યુ થયાં હોવાનાં અહેવાલ છે. મૃતકોમાં ચાલકદળનાં 12 સભ્યોનો પણ સમાવેશ થાય છે. ઘટનામાં એક માત્ર બ્રિટિશ નાગરિકનો બચાવ થયો છે.

એર ઇન્ડિયાની ફ્લાઇટ અમદાવાદથી લંડન જઈ રહી હતી ત્યારે ટેક ઓફ કર્યાની ગણતરીની મિનિટોમાં જ મેઘાણીનગર વિસ્તારમાં બી જે મેડિકલ કોલેજનાં તબીબોનાં છાત્રાલય પર તૂટી પડી હતી.

પ્રસ્તુત છે આ અંગેનો અહેવાલ

## (વોઈસ કાસ્ટ – અનિલ પટેલ)

અમદાવાદથી લંડન જઈ રહેલા એર ઇન્ડિયાનું બોઇંગ વિમાન તૂટી પડ્યા બાદ સમગ્ર રાત્રિ દરમિયાન બચાવ અને રાહત અભિયાન હાથ ધરવામાં આવ્યું. વિમાનમાં રાજ્યના ભૂતપુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત કુલ 230 મુસાફરો પ્રવાસ કરી રહ્યા હતા, જેમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બે પાયલટ સહિત ચાલક દળનાં 12 સભ્યો પણ તેમાં સવાર હતા.

કેન્દ્રીય મંત્રી અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી .આર.પાટીલે ભૂતપુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનાં નિધન બદલ દુઃખ વ્યક્ત કર્યું હતું.

અમદાવાદમાં ગોઝારી વિમાન દુર્ઘટનાથી દેશ વિદેશમાંથી શોકનું મોજું ફરી વળ્યું છે.

**<u>અનિલ પટેલ, સમાચાર વિભાગ, આકાશવાણી અમદાવાદ.</u>**

# PLANE CRASH AMIT SHAH

અમદાવાદ વિમાન દુર્ઘટનાની જાણ થતાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગઈ કાલે ઘટના સ્થળનું નીરીક્ષણ કર્યું હતું અને કેન્દ્રીય મંત્રીઓ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજી હતી.

શ્રી શાહે પીડિત પરિવારોને સરકાર તરફથી જરૂરી તમામ સહાય પૂરી પાડવા માટે આદેશો કર્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રીએ મૃતકોની ઓળખ થઈ શકે તે માટે DNA મેચ કરવાની કામગીરીને વધુ સુદ્રઢ સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યા હતા.

શ્રી શાહે જણાવ્યું કે , તેમણે અકસ્માત સ્થળની પણ મુલાકાત લઈને સમીક્ષા કરી છે. બધા મુસાફરોના મૃતદેહ બહાર કાઢવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે.શ્રી શાહે મૃતકોને શ્રધ્ધાંજલિ આપી હતી અને તેમનાં પરિવારજનોને સાંત્વના આપી હતી.

## (BYTE AMIT SHAH CONDOLENCES)

તેમણે ઉમેર્યું હતું કે , ગુજરાતમાં જ લગભગ 1000 DNA પરીક્ષણો કરાવવા પડશે. આ બધા પરીક્ષણો કરવા માટેની ક્ષમતા ગુજરાતમાં હોવાથી ડીએનએ પરીક્ષણ માટે ગુજરાતની બહાર ક્યાંય જવાની જરૂર રહેશે નહીં.

## (BYTE AMIT SHAH DNA SAMPLE)

ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સંયુક્ત રીતે શક્ય તેટલા ઓછા સમયમાં ડીએનએ પરીક્ષણ પૂર્ણ કરશે અને ત્યારબાદ મૃતકોના મૃતદેહ તેમના સંબંધીઓને સોંપવામાં આવશે.

DNA કામગીરી માટે ૪૫ ડોક્ટરની ટીમની મદદ લેવામાં આવી રહી છે. રાહત બચાવ કામગીરીમાં SDRFની બે ટીમ , NDRF-૨ ટીમ ૮૫ ફાયર ફાઈટર અને AMCની પૂરી ટીમ તથા ૭૫થી વધુ એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી હતી

---

# DNA SAMPLE

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મત્યુ પામેલા લોકોની ઓળખ થઈ શકે તે માટે રાજ્ય સરકારે અમદાવાદની બી.જે. મેડીકલ કોલેજમાં આવેલા કસોટી ભવન ખાતે મૃતકના માતા - પિતા, ભાઈ કે બહેનનાં લોહીનું સેમ્પલ લઈને ડીએનએ ટેસ્ટની શરુઆત કરાઇ છે.

કસોટી ભવન ખાતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલાના પરિવારના સભ્યોનું બ્લડ સેમ્પલ લીધા બાદ ડીએનએ ટેસ્ટ માટે તેને ફોરેન્સિક લેબ ગાંધીનગર ખાતે મોકલવામાં આવશે અને ત્યારબાદ તેનો રિપોર્ટ આપવામાં આવશે.

બીજી બાજુ વિમાન દુઘર્ટનામાં મૃત્યુ પામેલા લોકોનો પણ ડી.એન.એ ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. ડીએનએનો ફોરેન્સિક ગાંધીનગરથી રિપોર્ટ આવ્યા બાદ બંને ડીએનએ ટેસ્ટના મેચ બાદ દર્દીની ઓળખ થકી તેના પરિવારને મૃતદેહ આપવામાં આવશે.

---

# DEATH STATE OVERALL (PAGE 1)

ગઈકાલે સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં કુલ 241 પ્રવાસીઓમાં મૃત્યુ થયા છે જેમાં આણંદ જિલ્લાના 33 વ્યક્તિઓના અવસાન થયા છે

આણંદના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે આણંદ નજીકના ચિખોદરા ગામના દુષ્યંતકુમાર (દીપુ) અશોકભાઈ પટેલ તથા નીતાબેન અશોકભાઈ પટેલ પણ વિમાનમાં સવાર હતા . આણંદ તાલુકાના ગાના ગામના પટેલ સંદીપ ઉર્ફે સન્ની પટેલ અને મોનાલી પટેલનું પણ મૃત્યુ થયું છે.

કરમસદ ગામમાં લલીતાનગર સોસાયટીમાં રહેતા ભાવનાબેન રાણા અને મોટાબહેન આનંદીબેન રાણા અને આણંદના બિલ્ડર અગ્રણી હાલાણી પરિવારના મોભી સહિત પરિવારના ત્રણનો સમાવેશ થાય છે જયારે આણંદ તાલુકાના રામનગર ગામના મહેશ વાઘેલા અને સોજિત્રાના નીલકંઠ પટેલનું પણ અવસાન થયું છે.

ઉમરેઠના સલમાબેન વહોરા ,શશીકાંત રાવજીભાઈ પટેલ અને શોભનાબેન શશીકાંત પટેલ પણ પ્લેનમાં સવાર હોવાનું જણાવ્યું છે .

દીવના અમારા પ્રતિનિધી ભારતી રાવલ જણાવે છે કે, દીવના 14 મુસાફરોએ જીવ ગુમાવ્યો છે તેમજ એક પ્રવાસી વિશ્વાસકુમાર રમેશનો આબાદ બચાવ થયો છે.

કચ્છમાં પાંચ લોકો, વિસનગરના પાંચલોકો અને ભરૃચના પાંચના મૃત્યુ થયાના અહેવાલ છે.

અમરેલીના પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે આ ગોજારી પ્લેન દુર્ઘટનામાં અમરેલી જિલ્લાના છ લોકો મુત્યું પામ્યા છે જેમાં જગાભાઈ પડશાળાના ભાઈની દીકરી રીધ્ધીનો પણ ભોગ લેવાયો છે જ્યારે મળતી માહિતી મુજબ વડીયાના રામપુર તોરીના વતની   પાઘડાળ પરિવારના દાદી કાંતાબેન પોણાત્રણ વર્ષની પૌત્રી નાવ્યાનું અવસાન થયું છે.

અમરેલીના કોર્પોરેટર હરીભાઈ કાબરીયાનું પરિવાર અને જે.બી કાબરીયાના બહેન વિમળાબહેન અને બનેવી બાબુભાઇ લાલજીભાઇ હીરપરાનો પણ ભોગ લેવાયો આમ અમરેલીના કુલ છ વ્યક્તિના મૃત્યુ થયા છે.

જામનગરના પ્રતિનિધિ જગત રાવલ જનવે છે કે જામનગરના 3 લોકો આ ઘટનાં અવસાન પામ્યા છે. ગઢડા તાલુકાના અડતાળા   ગામનું એક યુગલનો વિમાનમાં સવાર હતું.

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે, વિમાનની દૂર્ઘટનામાં ચંદ્રુમાણા ગામના પાટીદાર દંપતિનું પણ અવસાન થયું છે.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, જિલ્લાના ત્રણ મુસાફરોના આ દુર્ઘટનામાં મૃત્યુ થયા છે.

---

# NAIDU-CRASH INVESTIGATION

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું છે કે અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાની તપાસ વિમાન અકસ્માત તપાસ સંસ્થાએ

શરૂ કરી દીધી છે. આ તપાસ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન દ્વારા નિર્ધારિત આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર કરવામાં આવશે.

શ્રી નાયડુએ કહ્યું કે સરકાર આ બાબતની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવી રહી છે. આ સમિતિમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોનો સમાવેશ થશે. આ સમિતિ ઉડ્ડયન સુરક્ષાને મજબૂત બનાવવા અને ભવિષ્યમાં આવા અકસ્માતોને રોકવા માટેના પગલાં પર વિચાર વિમર્શ કરશે.

---

## EMERGENCY HELPLINE NUMBERS

અમદાવાદમાં વિમાન દુ ર્ઘટનાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગાંધીનગરમાં સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે કન્ટ્રો રૂમ કાર્યરત કર્યો છે. કોઈ પણ પ્રકારની સહાય માટે લેન્ડલાઇન નંબર 079-23251900 અને મોબાઇલ નંબર 99784 05304 અને પોલિસ હેલ્પલાઇન નંબર 079-25620359 પર સંપર્ક કરી શકાશે.

એર ઇન્ડિયાએ વધુ માહિતી પૂરી પાડવા માટે એક સમર્પિત પેસેન્જર હોટલાઇન નંબર 1800 5691 444 પણ શરૂ કર્યો છે. ભારતની બહારથી ફોન કરનારાઓ +91 8062779200 પર કૉલ કરી શકે છે.

---

## PLANE CRASH- SPECIAL TRAIN

**ગુજરાતમાં એર ઇન્ડિયાની ફ્લાઇટ દુર્ઘટનાની ઘટના બાદ , ભારતીય રેલ્વે અમદાવાદથી મુસાફરોની સુવિધા માટે બે ખાસ ટ્રેનો ચલાવશે. એક ટ્રેન અમદાવાદથી મુંબઈ માટે ઉપડશે અને બીજી ટ્રેન અમદાવાદથી રાત્રે નવી દિલ્હી માટે ઉપડશે.**

---

# TATA GROUP HELP

**ટાટા ગ્રુપના ચેરમેન એન. ચંદ્રશેખરને દરેક મૃતકના પરિવારને કંપની તરફથી એક કરોડ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે ટાટા ગ્રુપ ઇજાગ્રસ્તોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરશે અને સારવારનો ખર્ચ ઉઠાવશે. તેમણે કહ્યું કે ટાટા ગ્રુપ બીજે મેડિકલ કોલેજના ક્ષતિગ્રસ્ત હોસ્ટેલના સ્થાને એક નવી હોસ્ટેલ બનાવવામાં પણ મદદ કરશે.**

---